ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૧૩-૯-૨૦૨૧, સોમવાર


## સાબરકાંઠા-અરવલ્લીમાં સતત વરસાદથી વેપાર ધંધાને માઠી અસર

### ગામડાંની પ્રજા વરસાદી માહોલથી ખરીદી કરવાનું ટાળ્યુ

બાયડ, તા. ૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૪ દિવસથી વરસાદી માહોલથી નાના-મોટા વેપાર ધંધાને માઠી અસર થઈ છે. ગામડાંની પ્રજા વરસતા વરસાદના કારણે શહેરી-તાલુકા મથકે ખરીદી કરવા જવાનું ટાળી રહ્યું છે.



સતત વરસાદથી જિલ્લાના ખેડૂતઆલમમાં ખુશાલી છવાઈ છે. એક તબક્કે ઓછા વરસાદથી ખેડૂતો-વેપારી અને પ્રજા ચિંતિત બની હતી પરંતુ અંધકાર પછી ઉજાસની જેમ મેઘરાજાએ જિલ્લામાં વિજળીના કડાકા-ભડાકા સાથે અપાર હેત વરસાવતાં સર્વત્ર ખુશાલી છવાઈ છે. એક તબક્કે ખેડબ્રહ્મા, ભિલોડા, મેઘરજ તાલુકામાં ઓછા વરસાદથી ખેતી તો ઠીક પણ પીવાના પાણીનું સંકટ મંડરાયુ હતુ પણ ત્રણેય આદિવાસી વિસ્તાર ધરાવતા તાલુકામાં મેઘરાજાની શાનદાર બેટીંગથી ખેતીને જીવનદાન મળવાની સાથે ચેકડેમ-તળાવમાં પાણીની આવક જોવા મળી છે. વરસાદી માહોલથી ગામડાંની પ્રજાએ ખરીદી માટે તાલુકા મથકે જવાનું ટાળતાં બજારોમાં વરસાદી માહોલની અસર જોવા મળી. જ્યારે શુક્રવારથી જાહેર રજાના કારણે બેંકોની કામગીરી બંધ હોવાથી બજારમાં તેની સીધી અસર જોવા મળતી હતી.

## હેન્ડ ગ્રેનેડ બ્લાસ્ટ પ્રકરણ : હેન્ડ ગ્રેનેડ ચાઈના કે પાકિસ્તાન બનાવટનો હોવાની શક્યતાથી ખળભળાટ

શામળાજી નજીક આવેલા ગોઢફુલ્લા ગામે થોડા દિવસો અગાઉ થયેલા ભેદી બ્લાસ્ટમાં એફએસએલ અને પોલીસ તપાસમાં લશ્કરમાં ઉપયોગમાં લેવાતો હેન્ડ ગ્રેનેડ હોવાનું બહાર આવ્યું હતું જીલ્લા પોલીસતંત્ર સહીત એન્ટી ટેરીરિસ્ટ સ્ક્વોડની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે સેન્ટ્રલ આઈબી ની ટીમ,અમદાવાદ એટીએસ ટીમ સહીત જીલ્લા પોલીસતંત્રની વીવીધ ટિમોએ મૃતક યુવકના પરિવારજનો, સગા-સબંધી સહીત આજુબાજુના વિસ્તારના લોકોની સઘન પૂછપરછ હાથધરી હતી હાલ પોલીસતંત્ર અને વિવિધ એજન્સીઓ હેન્ડ ગ્રેનેડ ક્યાંથી આવ્યો તેની ઝીણવટભરી તપાસ હાથધરી છે ત્યારે શાહીબાગ આર્મી ખાતે હેન્ડ ગ્રેનેડના ફોટો મોકલ્યા પછી હેન્ડ ગ્રેનેડ ભારતીય બનાવટનો ન હોવાનું સૂત્રો પાસેથી પ્રાપ્ત થતા ભારે હડકંપ મચ્યો છે



હેન્ડ ગ્રેનેડ બ્લાસ્ટમ યુવક અને તેની દોઢ વર્ષીય પુત્રી મોતને ભેટી હતી.

આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત માહીતી અનુસાર, અરવલ્લીના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ગ્રેનેડ બ્લાસ્ટ મામલે મોટો ઘટસ્ફોટ થયો છે હેન્ડ ગ્રેનેડ લશ્કરમાં વપરાતો હોવાથી હેન્ડ ગ્રેનેડના ફોટા અમદાવાદ શાહીબાગમાં આવેલ આર્મી કેમ્પમાં મોકલી આપ્યા પછી હેન્ડ ગ્રેનેડ ભારતમાં નહિ બન્યો હોવાની ચર્ચા ચાલી રહી છે હેન્ડ ગ્રેનેડ ચાઈના કે પાકિસ્તાનની બનાવટનો હોવાની શક્યતા હોવાનું બહાર આવ્યું છે ત્યારે શામળાજી ગોઢફુલ્લા બ્લાસ્ટનું કનેક્શન સરહદ પાર સાથે જોડાયેલ હોવાની શક્યતા પ્રબળ બની છે ત્યારે ચાઈના કે પાકિસ્તાન બોર્ડર પરથી ગ્રેનેડ અહીં પહોંચ્યો કેવી રીતે તે મોટો પ્રશ્ન ઉપસ્થીત થયો છે જો કે હેન્ડ ગ્રેનેડ મામલે પોલીસ એજન્સી ફોરેન્સિક રિપોર્ટની રાહ જોઈ રહી છે.

## જિલ્લામાં નદી ઉપરના મોટા ભાગના ચેકડેમ છલોછલ

### ભુગર્ભ જળ સ્ત્રોત ઉંચા આવશે, કિનારાના ગામોમાં ખુશાલી

બાયડ, તા. ૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સારા વરસાદ બાદ તમામ નદીમાં વરસાદી પાણી વહેતા થતાં નદી ઉપર જળસંચય યોજના હેઠળ બાંધવામાં આવેલા ચેકડેમ છલકાતાં નદી કિનારાના ગામોમાં ખુશાલી જોવા મળી, ભુગર્ભ જળસ્ત્રોત ધીરે ધીરે ઉંચા આવશે.

રાજ્યની ભાજપા સરકાર દ્વારા વર્ષ ૧૯૯૭ થી જળસંચય યોજના હેઠળ ખેત તલાવડી-આડબંધ-ચેકડેમ બાંધવામાં આવતાં ચોમાસા દરમ્યાન નકામા વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ શરૂ થયો જેના કારણે ભુગર્ભ જળસ્ત્રોત વધુને વધુ સમૃદ્ધ થઈ રહ્યા છે. ડાર્કઝોનમાં આવતા અનેક વિસ્તારો ડાર્કઝોનના શ્રાપમાંથી બહાર આવી રહ્યા છે. સરકાર દ્વારા નદીઓ ઉપર ચેકડેમ બંધાતા દરીયામાં જતુ રહેતુ પાણી અવરોધાયુ અને ખેડૂતો ચેકેડેમના પાણીથી ઈરીગેશન મારફતે સિંચાઈનો લાભ મેળવતા થયા છે. આ વર્ષ ભર ચોમાસે નદીઓ કોરી ધાકોર હતી, ચેકડેમ સુકાઈ રહ્યા હતા ત્યારે પાછલા ૪ દિવસથી સારા વરસાદથી નદીઓ જીવંત બન્યા પછી નદી ઉપરના તમામ ચેકડેમ છલકાઈ જતાં નદી કિનારા હવે સોહામણા લાગી રહ્યા છે. ચેકડેમ છલાકાતાં મુંગા પશુઓને પીવાનું પાણી આસાનીથી મળશે પરંતુ ચેકડેમ છલાકાયા પછી ભુગર્ભ જળસ્ત્રોતને મહત્તમ ફાયદો થશે તે નિશ્ચિત છે.

**ઉત્તર ગુજરાતના જિલ્લામાં વરસાદ**

| જિલ્લો | વરસાદ ટકામાં |
|---|---|
| પાટણ | ૫૮.૨૯ ટકા |
| બનાસકાંઠા | ૫૨.૧૧ ટકા |
| મહેસાણા | ૫૧.૧૯ ટકા |
| સાબરકાંઠા | ૫૫.૨૧ ટકા |
| અરવલ્લી | ૪૮.૬૩ ટકા |

## ધનસુરાના શિક્ષકે સવા કરોડ રામ નામ મંત્ર લેખનનો સંકલ્પ પૂર્ણ કર્યો

અરવલ્લી જિલ્લાના ધનસુરાના શિક્ષક પંચાલ પિયુષ કુમાર કાન્તિલાલ એ સવા કરોડ રામનામ મંત્ર લેખનનો સંકલ્પ પૂર્ણ કર્યો ધનસુરાના શિક્ષક પંચાલ પિયુષકુમાર એ દેશમાં કોરોના માં જે વ્યક્તિ મૃત્યુ પામ્યા છે તે જીવાત્મા ઓ સદગતિ પામે અને તેમના મોક્ષાર્થે શનિ અમાવસ્યા ના શુભદિને સવા કરોડ રામનામ મંત્ર લેખનનો સંકલ્પ કરેલ હતો તે ગણેશ ચતુર્થી ના દિને મા નર્મદા ના ચરણોમાં મંત્રલેખન ચોપડીનું ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ ના સાથે સંકલ્પ પૂર્ણ કર્યો હતો

## ઝુંપડામાં પાણી ભરાયાં, શેરી શિક્ષણ ક્યાં આપવું !!

### સાબરકાંઠા-અરવલ્લીમાં ધો. ૧ થી ૫ ના બાળકોને શાળામાં અભ્યાસની છૂટ આપવા માંગ : અનેક પ્રાથમિક શિક્ષકો માંગ કરી રહ્યા છે

બાયડ, તા. ૧૨

શિક્ષણ વિભાગ દ્વારા ધો. ૬ થી ૮ નું પ્રત્યક્ષ શિક્ષણ શાળાઓમાં શરૂ થયા પછી ચોમાસામાં નીચાણવાળા અને ઝુંપડપટ્ટી વિસ્તારોમાં પાણી ભરાતાં શેરી શિક્ષણ ક્યાં આપવુ તેવા સવાલ ઉભા થયા છે. સાબરકાંઠા-અરવલ્લીમાં અનેક પ્રાથમિક શિક્ષકોએ વર્તમાન સ્થિતિ ધ્યાને રાખી ધો. ૧ થી ૫ ના બાળકોને શાળામાં ૫૦ ટકા હાજરી સાથે ઓફલાઈન શિક્ષણ આપવાની મંજૂરી ઈચ્છી રહ્યા છે.

જિલ્લામાં આવેલી ૨૫૦૦ સરકારી પ્રાથમિક શાળામાં ઝુપડપટ્ટી, નીચાણવાળા વિસ્તારના હજારો બાળકો ધો. ૧ થી ૫ માં અભ્યાસ કરી રહ્યા છે. કોરોના સંક્રમણના કારણે ધો. ૧ થી ૫ માં હમણાં શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ આપવું બાળકોના આરોગ્ય માટે યોગ્ય ન હોવાનું કોર કમીટીએ જણાવી દિવાળી પછી આ અંગે વિચારણા સંભવ બની શકે છે. ત્યારે જિલ્લામાં સારા વરસાદથી અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે અને પાણી ભરાતાં શેરી શિક્ષણ ઝુંપડપટ્ટી વિસ્તારમાં સંભવ નથી. પ્રાથમિક શિક્ષણ શેરી શિક્ષણ આપવા જાય તો પણ બેસવું જ ક્યાં તેવો વિકટ પ્રશ્ન ઉભો થયો છે. આ સંજોગોમાં સ્થાનિક ભૌગોલિક સ્થિતિ ધ્યાને લઈ ધો. ૧ થી ૫ ના બાળકોને કોરોના ગાઈડલાઈન આધારે ૫૦ ટકા હાજરી સાથે શાળામાં બોલાવવાની છૂટ આપવામાં આવે તેવી અનેક પ્રાથમિક શિક્ષકોએ માંગ કરી છે.

## આકરૂંદ પ્રાથમિક શાળા ખાતે પ્રેરણા પરબ વ્યાખ્યાન માળા મણકો-૨ કાર્યક્રમ યોજાયો

### આકરુન્દ ગામના નિવૃત ફૌજી જવાન એવા જૈમિન બારોટનું પણ સન્માન કરવામાં આવ્યું હતું

સંદેશ લાઈબ્રેરી અને દેવેન્દ્ર પટેલ સાહિત્ય કક્ષ અને આકરૂંદ આદર્શ પ્રાથમિક શાળા ના સંયુક્ત ઉપક્રમે પ્રેરણા પરબ વ્યાખ્યાનમાળા મણકો-૨ યોજાયો હતો વિદ્યાર્થીઓ માટે સંદેશ લાઈબ્રેરી દેવેન્દ્ર પટેલ સાહિત્ય કક્ષ આશીર્વાદ રૂપ યજ્ઞકાર્ય કરી રહી છે. જેમાં પ્રેરણા પરબ વ્યાખ્યાન માળા મણકો ૨ માં લિબર્ટી કેરિયર એકેડેમીના મેનેજિંગ ડિરેકટર કૃષભ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરવા કેવી રીતે તૈયારી કરવી શુ વાંચવું શુ ન વાંચવું કોચિંગ લેવું કે ન લેવું તમામ વિષયોને આવરી લઈ વિસ્તૃત ચર્ચા કરી અને સાથે સાથે વિદ્યાર્થીઓને પરીક્ષા સંદર્ભે મૂંઝવતા પ્રશ્નોનું સટીક માર્ગદર્શન આપ્યું હતું ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી સાહિત્યની કીટ પણ લિબર્ટી તરફથી નિઃશુલ્ક આપવામાં આવી હતી અને સંદેશ લાઈબ્રેરીના વિદ્યાર્થીઓને લિબર્ટીના ઓનલાઈન કલાસ માટે વિશેષ પેકેજ આપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી કાર્યક્રમની સાથે સાથે આકરુન્દ ગામના નિવૃત ફૌજી જવાન એવા જૈમિન બારોટનું પણ સન્માન કરવામાં આવ્યું હતું સંદેશ લાઈબ્રેરીમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓ એ ખૂબ સરસ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહેનાર કૃષભભાઈ પટેલનો અને બધા જ કાર્યક્રમો માટે સાઉન્ડ અને પાણી ની તમામ સુવિધાઓ નિઃશુલ્ક પુરી પાડતા ભાવિનભાઈ પટેલનો શાળા ના આચાર્ય ઈશ્વરભાઈ પ્રજાપતિ એસ.એમ.સીના સભ્યો અને ગામલોકો સહિત સૌ એ ખરા હૃદય થી આભાર માન્યો હતો.



## ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આંદોલન મોકુફ

### ગુજરાતના નવા નાથની નિયુક્તિ પછી રણનીતિ ઘડાશે

બાયડ તા.૧૨

ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન થતાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા બિનસરકારી અનુદાનિત તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો દ્વારા પડતર પ્રશ્નોના ઉકેલ અંગે ચલાવવામાં આવતું આંદોલન આજરોજ મળેલી આંદોલન સમિતિની બેઠકમાં સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી તારીખ ૧૩,૧૪,૧૫ સપ્ટેમ્બર ના રોજ યોજાનાર પ્રતિક ઉપવાસ, મંજૂરી ન મળતા કેસરી પટ્ટી ધારણ કરવી, તારીખ ૧૬,૧૭,૧૮ સપ્ટેમ્બર ના રોજ ગામ,શહેર તથા મહાનગરોમાં મહાનુભાવોની પ્રતિમા વિસ્તારને સ્વચ્છ કરી ફુલહાર અર્પણ કરવા, તારીખ૧૯,૨૦,૨૧ સપ્ટેમ્બરના રોજ ઘંટનાદ, રામધુન, હનુમાન ચાલીસાનું પરિવાર સહ પઠન કરવું તથા તેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કરવા જેવા તમામ આંદોલનાત્મક કાર્યક્રમ હવે ફરીથી જાહેર ન કરવામાં આવે ત્યાં સુધી સ્થગિત કરવામાં આવે છે.

આગામી સરકારના ગઠન બાદ માનનીય મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મૂલાકાત લઈ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત તરફથી શુભેચ્છા પાઠવવામાં આવશે તથા આપણી વાત પણ મુકવામાં આવશે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ હર હંમેશ શિક્ષક હિતમાં જ કાર્ય કરશે.

## ખરીફ વાવેતરને ભરપૂર ફાયદો

## ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૫૨ ટકા વરસાદ : અસંખ્ય ચેકડેમ છલકાયા

બાયડ, તા. ૧૨

ઉત્તર ગુજરાતમાં વરસાદની ઘટ વચ્ચે પાછલા ૪ દિવસથી વરસતા વરસાદના કારણે ૫ જિલ્લામાં સરેરાશ ૫૨ ટકાથી વધુ વરસાદ થતાં રાજ્ય સરકાર અને વહીવટીતંત્રને સામાન્ય રાહત થઈ છે. રવિવારે પણ અનેક વિસ્તારોમાં ભારે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

ઓગષ્ટ માસની વિદાય અને વરસાદની ૬૦ ટકાથી વધુ ઘટના કારણે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ખરીફ વાવેતર ઉપર સંકટ ઉભુ થયુ હતુ. એક તબક્કે ઓછા વરસાદના કારણે ઉત્તર ગુજરાતના ૨૧ તાલુકામાં દુકાળનાં ડાકલાં વાગવાની સ્થિતિ પેદા થઈ હતી પરંતુ ભાદરવાના આરંભે સમગ્ર રાજ્યમાં મેઘરાજાની અપાર કૃપા ઉપરવાસ તથા ડેમના વિસ્તારમાં સારા વરસાદથી ઉત્તર ગુજરાતની મોટાભાગના જળાશયોમાં પાણીની ધીમી ધારે આવક નોંધાઈ રહી છે.



વરસી રહે છે. મધ્ય-દક્ષિણ ગુજરાત પછી ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ અપાર હેત વરસાવતા છેલ્લા ૪ દિવસમાં ૩ થી ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસતાં અનેક ખેતરો બેટમાં ફેરવાયા છે. ખાલીખમ તળાવ-ચેકડેમમાં નવા નીરની આવક થઈ રહી છે. ૫ જિલ્લામાં ૧૫ લાખ હેક્ટરથી વધારે જમીનમાં ખરીફ વાવેતર થયુ હતુ પરંતુ વરસાદ ખેંચાતા વાવેતર સુકાવા લાગ્યુ જેથી જગતનો તાત નિરાશ થયો પણ ભાદરવાના આરંભ સાથે સારા વરસાદથી મુરજાતી ખરીફ ખેતીને ૧ મહીના સુધીનું જીવનદાન મળ્યુ છે.

## ભિલોડામાં ઠેર ઠેર સ્ટેટ લાઈટો શોભાના ગાંઠિયા સમાન

### ચોમાસાની સિઝન દરમ્યાન ચોરીનો ઉપદ્રવ : પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત


ભિલોડા,તા.૧૨

ચોમાસાની સિઝન દરમ્યાન સાર્વત્રિક મેધમહેર દરમ્યાન અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ગ્રામ પંચાયત કચેરી હસ્તક ની ઠેર ઠેર સ્ટેટ લાઈટો છેલ્લા ધણા સમય થી શોભાના ગાંઠિયા સમાન પુરવાર થઈ રહી છે.ચોરીઓ નો ઉપદ્રવ વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત છે.

ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં ઠેર ઠેર સ્ટેટ લાઈટો શોભાના ગાંઠિયા સમાન બંધ અવસ્થામાં હોય ખાણી - પીણીની લારીઓ વાળા નાના - નાના વેપારીઓ રાત્રી દરમ્યાન અંધારામાં હેરાન પરેશાન થઈ રહ્યા છે.

રાત્રે અંધારામાં મહિલાઓ અને રાહદારીઓ પણ ભારે મુંઝવણમાં મુકાઈ રહ્યા છે.જાગૃત વેપારીઓ અને પ્રજાજનો દ્વારા વારંવાર ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં સરપંચ અને તલાટી કમ મંત્રીને લેખિત, મૌખિક ન્યાયિક રીતે ધારદાર રજુઆતો કરવા છતાં તેઓના પેટનું પાણી હલતું નથી ? વહીવટ જાણે કે ખાડે ગયો હોય તેવો ધાટ ધડાયો છે તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

રાત્રી દરમ્યાન સ્ટેટ લાઈટો બંધ અવસ્થામાં હોય અંધારપટ નો અજાણ્યા તસ્કરોએ લાભ ઉઠાવી ભિલોડામાં હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં આવેલ રત્નકેશર બિલ્ડીંગ મટીરીયલ્સ અને વિનાયક બિલ્ડીંગ મટીરીયલ્સ નામ ની બે દુકાનોમાં મધ્ય રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા.દુકાનનો સામાન વેર વિખેર કરી નાખ્યો હતો.કેશ કાઉન્ટરમાંથી અંદાજીત રૂપિયા ૩૦,૦૦૦/- થી ૪૦,૦૦૦/- રોકડા રૂપિયા ચોરાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.ચોરીના બનાવ સંદર્ભે દુકાનદારે પોલીસ ફરીયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી છે.પોલીસે સી.સી.ટી.વી ફૂટેજના આધારે ચોરીના બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.



### મોડાસાના યુ.જી.સી.હોલ કોલેજ ખાતે ગુજરાત નારી સંમેલનનું આયોજન કરાયું

અરવલ્લી મોડાસાના યુ.જી.સી.હોલ કોલેજ કેમ્પસ ખાતે ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર તથા જિલ્લા વહીવટીતંત્ર અરવલ્લીના સયુંકત ઉપક્રમે નારી સંમેલનનું આયોજન કરાયું. જે અંતર્ગત મહિલાઓને નારીશક્તિ વિશે ચર્ચા કરવામાં આવી તથા તેમના હકો અંગે જાગૃતિ જુદા જુદા અધિકારીશ્રીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકાના પ્રમુખશ્રી બિપિનભાઈ, મહિલા બાળ વિકાસ ચેરમેનશ્રી રમીલાબેન, જિલ્લા મહિલા સદસ્યશ્રીઓ,તાલુકા મહિલા સદસ્યશ્રીઓ,જિલ્લા કો-ઓર્ડીનેટરશ્રી નારી અદાલત મહેસાણા, લૉ.કોલેજના શ્રીમતિ પ્રો.ડૉ.અલ્પાબેન, પ્રોગ્રામ ઓફીસરશ્રી અરવલ્લી, મહિલા બાળવિકાસ અધિકારીશ્રી, મોડાસા તાલુકાના મહિલા સરપંચશ્રીઓ, સીડીપીઓશ્રી મોડાસા, અન્ય અધિકારીશ્રીઓ તથા મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.



### પાલનપુરમાં રોટરેક્ટ કલબ દ્વારા નવજાત શિશુઓને બેબી કિટ અપાઈ

રોટરેક્ટ ક્લબ ઓફ પાલનપુર યુથટાઉન દ્વારા સંપૂર્ણ એક વર્ષ દરમિયાન સિવિલ હોસ્પિટલ પાલનપુરમાં જન્મ લેનાર શિશુની માતાને નિઃશુલ્ક હિમાલય કંપનીની બેબી કેર કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં પ્રેસિડેન્ટ પાર્થ પંચાલ સેક્રેટરી સ્મિત પંચાલ અને પ્રોજેક્ટ ચેરમેન મિલન મોઢ, રવિ પ્રજાપતિ, હિમાની વ્યાસ અને અન્ય મેમ્બર હાજર રહ્યા હતા.